NAVSARI AGRICULTURAL UNIVERSITY

# હિસાબ નિયામકશ્રીની કચેરી
## નવસારી કૃષિ યુનિવર્સિટી, નવસારી–૩૯૬૪૫૦

જા.નં.ન.કૃ.યુ./હિનિ/પી.એફ./ ૨૩૭૫ /૧૯. તા. ૦૩/૦૪ /૨૦૧૯

**વંચાણમાં લીધા** : અત્રેની કચેરીના પરિપત્ર ક્રમાંક/૨૩૯૭/૨૦૧૮ તા.૦૪/૦૪/૨૦૧૮

## પરિપત્ર

આથી નવસારી કૃષિ યુનિવર્સિટીનાં તમામ યુનિટ/સબયુનિટ અધિકારીશ્રીઓને જણાવવાનું કે, વંચાણમાં લીધેલ પરિપત્ર મુજબ પી.એફ. કપાતના ચેક/ડી.ડી. જે તે માસની તા. ૧૦મી પહેલા સરકારશ્રીનાં નિયમ મુજબ અત્રેની કચેરીમાં મોકલી આપવા જણાવવામાં આવેલ છે, તેમ છતાં ઘણી કચેરીઓ તરફથી સદરહું પી.એફ કપાત નાણાંનાં ચેક/ડીડી સમયસર અત્રેની કચેરીને જમા કરાવવામાં આવતાં નથી, જેથી જેતે માસની તારીખ ૧૦મી સુધીમાં નાણાં સરકારી તિજોરીમાં જમા કરાવી શકાતાં નથી, જેને કારણે જેતે કર્મચારીઓ/અધિકારીશ્રીઓને જેતે માસની વ્યાજની આવક મળતી નથી, જો હવે પછી જે કચેરી તરફથી પી.એફ. કપાતના નાણાંનો ચેક/ડીડી સમયસર ન મળવાનાં કારણે વ્યાજ આવકનો પ્રશ્ન ઉપસ્થિત થશે, તો જેતે કચેરીનાં ઉપાડ અને ચુકવણાં અધિકારીની અંગત જવાબદારી રહેશે. જે બાબતે ઉપાડ અને ચુકવણાં અધિકારીઓએ અંગત રસ દાખવી, પી.એફ. કપાતનાં ચેક/ડી.ડી તારીખ ૮મી પહેલા અત્રેની કચેરીને મળી રહે, એવી ગોઠવણ કરવા જણાવવામાં આવે છે. જેથી ચેક/ડી.ડીનાં નાણાં તા. ૧૦ મી સુધીમાં સરકારી તિજોરીમાં જમા કરવાની કાર્યવાહી હાથ ધરી શકાય.જેની સર્વે નાણાં ઉપાડ અને ચુકવણાં અધિકારીશ્રીઓએ નોંધ લેવા વિનંતી છે.

હિસાબ નિયામક